પાલનપુરના પુષ્પાબેન કાંતિભાઈ બાયડ દ્વારા

# લગ્નની એનિવર્સરીના દિવસે દેહદાન નેત્રદાન સંકલ્પ કરવામાં આવ્યો



પાલનપુર તા. ૧૯

પાલનપુરના પુષ્પાબેન બાયડ જેઓ આંગણવાડી ખાતે સહાયકની ફરજ નિભાવે છે. નાના બાળકોને ભણાવવાની અભ્યાસ કરાવવાની કામગીરી કરે છે.

આ સાથે તેઓને લોક સેવા અને માનવસેવા કરવી ગમે છે .સેવાના એક ઉમદા વિચાર સાથે તેમને જણાવ્યું હતું કે લગ્ન વખતે તેમના પિતાએ તેમનું કન્યાદાન કરેલું તેથી લગ્નની એનિવર્સરી ના દિવસે હું પણ કંઈક સેવા દાન કરું જે સમાજના ઉપયોગી થાય તેથી તેમણે દેહદાન નેત્રદાન સંકલ્પ આજના દિવસે જાહેર કર્યો. તેમના ચક્ષુઓ કોઈના અંધાપો નિવારવા માટે કામમાં આવશે અને દેહદાન થી મેડિકલ સાયન્સના વિદ્યાર્થીઓને અભ્યાસ માટે દેહદાન ઉપયોગી નીવડશે. તેમને પોતાનું દેહદાન સંકલ્પપત્ર જનસેવા એજ પ્રભુસેવા ગ્રુપ પાલનપુર ના દેહદાન નેત્રદાન કાઉન્સિલર જયેશભાઈ બી સોનીને જમા કરાવ્યું હતું.પુષ્પાબેન બાયડ ને તેમના લગ્નની એનિવર્સરી ના દિવસે દેહદાન નેત્રદાનનો સંકલ્પ કરવા માટે બદલ જનસેવા એ જ પ્રભુસેવા ગ્રૂપ દ્વારા ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા... દેહદાન, નેત્રદાન,અંગદાન માટે ૯૮૨૪૯૩૨૫૦૬ જયેશભાઈ સોની આ હેલ્પલાઈન નંબર પર સંપર્ક કરી શકો છો.

સ્વાગત સપ્તાહ દરમ્યાન ડબલ એન્જીન સરકારની કામગીરીને ભાજપના તાલુકા સદસ્યએ ઘેરી

# ધોડનાલ-ચાંદરેજ-લીંબ-માથાસૂલીયા રોડનું કામ ૫ વર્ષ પછી પણ અધૂરુ

## પ્રધાનમંત્રી સડક યોજના હેઠળ કામ અધૂરું મૂકી કોન્ટ્રાક્ટર ગાયબ



બાયડ, તા.૧૯

સ્વાગત કાર્યક્રમની સફળતાના ૨૦ વર્ષની ઉજવણી શરુ થઈ છે ત્યારે બાયડ તાલુકાના લીંબ બેઠકના ભાજપના મહિલા સદસ્યએ ડબલ એન્જીન સરકારની કામગીરીને સ્વાગત સપ્તાહ દરમ્યાન પડકાર ફેંક્યો. પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રુ ૪૩લાખના ખર્ચે ઘોડનાલ-ચાંદરેજ-લીંબ-માથાસૂલીયા રોડનું કામ શરુ કરાયું પરંતુ ૫ વર્ષ પછી પણ કામ અધુરુ મૂકી કોન્ટ્રાક્ટર ગાયબ થઈ જતાં એજન્સી અને અધિકારીઓની મીલીભગત સામે લોક રોષ જોવા મળ્યો છે.

મળતી જાણકારી અનુસાર અરવલ્લી જિલ્લામાં જિલ્લા પંચાયત હસ્તકના રોડના કામોમાં નર્યા ભ્રષ્ટાચારના આરોપ લાગ્યા છે. અનેક રોડ ઉખેડી નાખવાના આદેશ આપવા પડે તેનાથી બીજી કમનસીબી કઈ ?? મોટાભાગના અધિકારીઓ કોન્ટ્રાક્ટરોના પૈસે તાગડધિન્ના કરતા હોવાથી નબળા કામની ફરિયાદ લક્ષમાં લેવાતી નથી ત્યારે ગુજરાત સરકારના સ્વાગત કાર્યક્રમની સફળતાના ૨૦ વર્ષની ઉજવણી નિમિત્તે ગત રોજ સ્વાગત સપ્તાહ અંતર્ગત ગ્રામ સ્વાગત કાર્યક્રમ ઉંટરડા જિલ્લા પંચાયતનો યોજવામાં આવ્યો હતો. દિપેશ્વરી ધામના હોલમાં યોજાયેલા કાર્યક્રમ દરમ્યાન બાયડ તાલુકા પંચાયતના ભાજપના સદસ્ય મંજુલાબા અદેસિંહ ચૌહાણે સ્વાગત કોર્ટમાં લેખિત રજૂઆત કરી કે છેલ્લા ૫ વર્ષથી ધોડનાલ-વજેપુરાકંપા-ચાંદરેજ-માથાસૂલીયા રોડનું કામ પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ શરુ કરવામાં આવ્યું અને કોન્ટ્રાક્ટરે નબળું કામ કરતાં જે તે સમયે લેખિત ફરિયાદ કરી અને ત્યારબાદ કોન્ટ્રાક્ટરે એકાએક કામ બંધ કર્યું. ફરી રજૂઆત થતાં કામ શરુ થયું અને હવે કોન્ટ્રાક્ટરે કામ બંધ કરી દીધું છે. નિયત સમયમાં કામ પુરુ કરવાની ટેન્ડરમાં જોગવાઈ હોવા છતાં પણ ૫ વર્ષથી રોડનું કામ અધુરુ હોવાના કારણે વાહન ચાલકોથી માંડ સ્થાનિક પ્રજાજનોને હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે અને કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી કરી અન્ય એજન્સીને કામ આપવાની તેઓએ લેખિત રજૂઆત કરતાં હડકંપ મચી ગયો છે.

# ખેતી બેંક - સાબરકાંઠાના જિલ્લા પ્રતિનિધિઓની સભા યોજાઈ


## ગત વર્ષે ખેડૂતોને રુ ૧૧.૬૯ કરોડનું ધિરાણ



બાયડ તા.૧૯,

ખેતી બેક્ક-સાબરકાંઠા(હિંમતનગર)ના જિલ્લા પ્રતિનિધિઓની સભા ખેતી બેક્ક-અમદાવાદના વાઈસ ચેરમેન ફલજીભાઈ પટેલની અધ્યક્ષતામાં બેક્કના જિલ્લા પ્રતિનિધિઓની હાજરીમાં બેઠક યોજાઈ ગઈ જેમાં નાણાકીય વર્ષ-૨૦૨૨-૨૩ના જિલ્લાના હિસાબો રજૂ કરવામાં આવ્યા હતા. વાઈસ ચેરમેને જણાવેલ કે બેક્કે સૌ પ્રથમવાર ગ્રોસ નફો ૧૦૦ કરોડને પાર કરી રુ ૧૦૧.૫૨ કરોડ હાંસલ કરેલ છે. પ્રાપ્ત જાણકારી અનુસાર ખેતી બેક્ક દ્વારા ખેડૂતોને ગયા વર્ષે ૧૧.૬૯ કરોડનું ધિરાણ આપવામાં આવ્યું હતું. જ્યારે આ વર્ષે રુ ૨૦.૦૧ કરોડનું ધિરાણ કરવામાં આવેલ છે. ધિરાણનો નફો ગયા વર્ષે રુ ૨.૧૬ કરોડ હતો જે આ વર્ષે વધીને ૫.૯૫ કરોડ થતાં બેક્કના વાઈસ ચેરમેન ફલજીભાઈ પટેલે જિલ્લા પ્રતિનિધિ તથા કર્મચારીઓને બિરદાવ્યા હતા. પ્રતિનિધિઓની સભામાં સાબરકાંઠા બેક્કના ચેરમેન મહેશભાઈ પટેલ, જિલ્લા ખરીદ વેચાણ સંઘના ચેરમેન જેઠાભાઈ પટેલ સહિત અન્ય સહકારી અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા. બેક્કના અધિકારી-કર્મચારીઓએ વર્ષ દરમ્યાન જે પ્રસંશનીય કામગીરી કરી તેને જિલ્લા પ્રતિનિધિ દ્વારા બિરદાવવામાં આવી હતી.

# ગણપત યુનિવર્સિટીને ગ્રીન યુનિવર્સટી તરીકેનું પ્લેટિન રેન્કિંગ એનાયત



ગણપત વિદ્યાનગર,તા.૧૯

દેશની સુપ્રતિષ્ઠિત સંસ્થા ‘ગ્રીન મેન્ટર્સ’ દ્વારા ગણપત યુનિવર્સટીને ગ્રીન યુનિવર્સિટી તરીકેનું પ્લેટિનમ રેન્કિંગ પ્રાપ્ત થયું છે. જેના ભાગરૂપ ગણપત યુનિવર્સિટીની ગ્રીન ઝુંબેશને રાષ્ટ્રવ્યાપી દરજ્જો પ્રાપ્ત થયો છે. ‘ગ્રીન મેન્ટર્સ’ દ્વારા આ સન્માન એનાયત થતા પહેલા યુનિવર્સિટીની તમામ ‘ગ્રીન એક્ટિવિટીઝ’ અને ગ્રીન એચિવમેન્ટની બાબતો અંગે આકરી ચકાસણી કરવામાં આવી હતી. ગપણત યુનિવર્સિટીના ૩૦૦ એકર જેટલા પરિસરમાં ૫૧, ૧૨૬ જેટલા નાના-મોટા વૃક્ષો ઉગાડવામાં આવ્યા છે. કુલ ૧૧ લાખ સ્કેવર મી. જમીનમાંથી ૭૬ હજાર સ્કવેર મી. જમીન ઉપર બાંધકામ છે. સંસ્થામાં સોલર વોટર હિટર સિસ્ટમનો વિનિયોગ થયો છે. કેમ્પસમાં હાલ ૨૭૦ કે.વી. સોલાર પ્લાન્ટ અસ્તિતવ ધરાવે છે. ઉપરાંત સંસ્થામાં વપરાતા ફર્નિચર પણ ઈકો-ફ્રેન્ડલી અને રિ-યુઝ થઈ શકે તેવા છે. સંસ્થાના પરિસરમાં ૪૦૦૦ સ્કેવર મી. જેટલી જમીન ‘માઈક્રો ફોરેસ્ટ’ ધરાવે છે. જેમાં ૧૨૦૦૦ જેટલા નાના-મોટા છોડ અને ઝાડ લહેરાઈ રહ્યા છે. ‘માઈક્રો ફોરેસ્ટ’ના ઉછેર માટે ‘મિયાવાકી’ પદ્ધતિ અપનાવાયી છે. જેમાં નારિયેળના છોતરા, ચોખાના ફોતરા અને છાણિયું ખાતર ચોક્કસ માત્રામાં વાપરવામાં આવે છે. ગણપત યુનિવર્સિટીને મળેલ ‘ગ્રીન યુનિવર્સિટી’ના વિશેષ સન્માન બદલ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલે સમગ્ર યુનિવર્સિટી પરીવારને ધન્યવાદ પાઠવ્યા હતા.

પાડાના વાંકે પખાલીને ડામ જેવી સ્થિતિ

# જિલ્લામાંથી તલાટીની પરીક્ષા આપનારા ઉમેદવારોના અંગૂઠાનું નિશાન અને સહી લેવાનો નિર્ણય

## ભાવનગરમાં ડમી ઉમેદવાર કૌભાંડ પ્રકાશમાં આવતાં પંચાયત પસંદગી સેવા મંડળ સતર્ક બન્યું

બાયડ, તા.૧૯

આગામી તા.૭ મે.ના રોજ તલાટી કમ મંત્રીની પરીક્ષા યોજાવવાની છે. જેમાં રાજ્યના ઈતિહાસમાં સૌથી વધુ ઉમેદવારો પરીક્ષા આપવાના છે તે પહેલાં ભાવનગરમાં ડમી ઉમેદવાર કૌભાંડ પ્રકાશમાં આવતાં તેની વિપરીત અસરો ટાળવા માટે તલાટીની પરીક્ષા આપનારા ઉમેદવારોના અંગૂડાનું નિશાન અને સહી લેવાનો નિર્ણય કરાયો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૮૦ હજારથી વધુ ઉમેદવારો પરીક્ષા આપશે તેમ જાણવા મળ્યું છે. પ્રાપ્ત જાણકારી અનુસાર તલાટીની પરીક્ષાના આયોજન પાછળ તારીખ પે તારીખના કારણે સરકાર ઉપર માછલાં ધોવાયાં હતાં અને પંચાયત સેવા પસંદગી મંડળની કામગીરી સામે પણ વખતો વખત રોષ જોવા મળ્યો હતો. હવે પંચાયત પસંદગી સેવા મંડળના અધ્યક્ષ તરીકે હસમુખ પટેલને નિયુક્ત કરાયા પછી ગત સપ્તાહે જૂનિયર ક્લાર્ક સંવર્ગની પરીક્ષા હેમખેમ સંપન્ન થયા પછી હવે તેની નિગરાની હેઠળ આગામી તા.૭ મે.ના રોજ તલાટીની પરીક્ષા યોજાવવાની છે. બપોરે ૧૨-૩૦ થી પરીક્ષા શરુ થવાની છે.ત્યારે પરીક્ષામાં થતી ગેરરીતીઓ રોકવા માટે તલાટીની પરીક્ષામાં હાજર ઉમેદવારોના અંગૂઠાનુ નિશાન અને સહી લેવાનો નિર્ણય કરાયો છે અને આ કામગીરી પરીક્ષા કેન્દ્રોના પરીક્ષા ખંડમાં પ્રશ્નપત્ર આપતાં પહેલાં કરાવવામાં આવશે તેમજ પરીક્ષામાં હાજર રહેવાનું સંમતિ ફોર્મ પણ સરકારની વેબસાઈટ ઉપર મૂકવામાં આવ્યું છે જે તા.૨૦ એપ્રિલના સવારે ૧૧-૦૦ સુધીમાં ઓનલાઈન ભરવા માટે સૂચના આપવામાં આવી છે.

# પ્રાંતિજ ખાતે મોહસિને આઝમ મિશન દ્વારા સમૂહ ઈફતારીનો કાર્યક્રમ યોજાઈ ગયો



પ્રાંતિજ તા.૧૯

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે મોહસિને આઝમ મિશન દ્વારા સમુહ ઈફતારી નો કાર્યક્રમ યોજાયો. રોજદારોને ઈફતારી કરાવવી તે નેકીનુ કામ હોવાની ભાવના સાથે પ્રાંતિજ ખાતે સમૂહ ઈફતારીનો પ્રોગ્રામ યોજાયો હતો મોહસિને આઝમ મિશનના સ્થાપક ફાઝીલે બગદાદ હજરત સૈયદ મૌલાના હસન અસ્કરીમીયા જીલાનીના અનુરોધ અનુસાર પ્રાંતિજ ખાતે કાર્યરત મોહસિને આઝમ મિશન દ્વારા ખલીફાએ શૈખુલ ઈસ્લામ સૈયદ ઈકબાલબાપુ અશરફીની સરપરસ્તીમા ગઈકાલે ૨૫મા રોજાએ સુન્ની વ્હોરા જમાતખાના ખાતે સમૂહ ઈફતારીનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં કારી મોહંમદ સુફિયાન, પ્રાંતિજની મસ્જિદોના પેશઈમામો, એમ.એ.એમ. પ્રાંતિજના હોદ્દેદારો, જુદીજુદી મુસ્લિમ જમાતોના આગેવાનો, વડીલો તથા મોટી સંખ્યામાં રોજદારો હાજર રહ્યાં હતાં.સમૂહ ઈફતારીના આ કાર્યક્રમને સફળ બનાવવા મોહસિને આઝમ મિશનના કાર્યકરો તથા નવયુવાન ખિદમતગારોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# બનાસકાંઠાના નવ નિયુક્ત કલેક્ટરે પાલનપુર મામલતદાર કચેરીમાં સર પ્રાઈઝ ચેકીંગ



પાલનપુર તા.૧૯

બનાસકાંઠા જિલ્લાના નવ નિયુક્ત કલેકટરે પાલનપુર ખાતે આવેલી મામલતદાર કચેરીમા સર પ્રાઈઝ ચેકીંગ કરી ને વિવિધ વિભાગમાં કરાતી કામગીરીની જાત માહિતી મેળવી હતી .જોકે મામલતદાર કચેરીની વિવિધ શાખાઓ માં કલેક્ટરના ઓચિંતા ચેકીંગ થી કર્મચારી આલમમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,બનાસકાંઠા જિલ્લાના નવ નિયુક્ત કલેકટર વરુણ બરનવાલે પાલનપુર મામલતદાર કચેરીમાં ચાલતી કામગીરીનો તાગ મેળવવા માટે મામલતદાર કચેરીમા સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધર્યું હતું. જેમાં વિવિધ શાખાની જાત મુલાકાત કરી જે તે શાખાનાં અધિકારી તેમજ કર્મચારી પાસેથી તેમની શાખામાં થતી કામગીરી ની જાણકારી મેળવી હતી. તેમજ તેમની કક્ષાએથી અરજદારો ના કયા પ્રકારના કામો કરાય છે તે અંગે ચર્ચા કરી હતી. જોકે કલેકટરે મામલતદાર કચેરીમા પોતાના કામો અર્થે આવતા અરજદારોના કામો અને પ્રશ્નોનો હલ થાય છે કે કેમ તે દિશા ની જાત માહિતી મેળવવા માટે સર પ્રાઈઝ ચેકીંગ કર્યું હોવાની લોકોમાં ચર્ચાએ જોર પકડ્યું હતું . બીજી બાજુ કોઈ જ પ્રકાર જાણ બહાર જિલ્લા કલેકટરે ઓચિંતું ચેકીંગ કરતા મામલતદાર કચેરી આલમમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.

# ભિલોડાના સીમ વિસ્તારમાં ખેડૂતને સર્પે દંશ દેતા ખેડૂતનું કરૂણ મોત નિપજ્યું



ભિલોડા,તા.૧૯

સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં દિન-પ્રતિ-દિન ગરમીનો પ્રકોપ વધતા ઝેરી સાપ અને ઝેરી જીવજંતુઓ સીમ વિસ્તારોમાં ફરતા હોય ખેડૂતો અને પશુ-પાલકો ભયભીત છે.અમુક વિદ્વાન જ્યોતિષો, આગાહીકારોએ આગાહી કરી છે કે,આગમી સમયમાં આ વર્ષે સર્પદંશ થી મૃત્યુદર વધશે તેમ જાણવા મળેલ છે.ભિલોડાના સીમ વિસ્તારમાં સર્પદંશથી ખેડૂત પુત્રનું મોત નિપજતા ઘેરા શોકની કાલીમા પ્રસરી ગઈ હતી. ભિલોડાના હાર્દસમા સીમ વિસ્તારમાં ખેતરમાં કામકાજ દરમિયાન ખેડૂત પુત્ર કાલીદાસ શંકરભાઈ મારીવાડ (રહેવાસી.ભિલોડા,જી.અરવલ્લી) (આશરે ઉંમર-વર્ષ-૫૦) ખેડૂત ને ઝેરી સર્પે દંશ દેતા ખેડૂતનું પ્રાઈવેટ હોસ્પિટલમાં સારવાર દરમિયાન કરૂણ મોત નિપજ્યું હતું.પરીવારજનો અને સગાં-સબંધીઓ હૈયાફાટ રૂદન કરતા હતા.ખેડૂત પુત્રની અંતિમ યાત્રામાં અનેક લોકો જોડાયા હતા.

# અમીરગઢ બોર્ડર ઉપર વિદેશી દારૂ સાથે એક યુવક અને બે યુવતીની અટકાયત

## પેસેન્જર ગાડીમાં વિદેશી દારૂની હેરાફેરીનો પર્દાફાશ



ડીસા, તા. ૧૯

બનાસકાંઠા જિલ્લાની અમીરગઢ -માવલ બોર્ડર ઉપર રાજસ્થાન તરફથી આવતા વાહનોનું પોલીસ દ્વારા ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. રાજસ્થાનથી ગુજરાતમાં જવા માટે મુખ્ય પ્રવેશદ્વાર ગણાતી અમીરગઢ માવલ ચેકપોસ્ટ ગુનાહિત પ્રવૃત્તિઓ માટે હેરાફેરી કરવા માટેનું મુખ્ય દ્વાર ગણાય છે. આ રસ્તાએથી ગેરકાનુની પ્રવૃતિ થતી રહેતા અમીરગઢ પોલીસે પણ કમર કસી છે, રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકિંગ કરવામાં આવતા એક પેસેન્જર ગાડીમાં અમીરગઢ પોલીસ તપાસ કરી રહી હતી. તે દરમિયાન એક યુવક અને બે યુવતિ ઉપર શંકા જતા પેસેન્જર ગાડીમાંથી ત્રણેયને બહાર નીકળી તેમના બેગ તપાસ કરતા તેમાંથી દારૂ મળી આવ્યો હતો.જેથી અમીરગઢ પોલીસે રાજુભાઈ ભવાનભાઈ પરમાર (હેડુવા-મહેસાણા), શીતલબેન ઉમેશભાઈ માજીરાણા (નાગલપુર) અને ખુશીબેન હર્ષદભાઈ રાવળ (લાખવડ- મહેસાણા) ની અટકાયત કરી અમીરગઢ પોલીસ સ્ટેશને લઈ જઈ તપાસ કરતા કુલ ૨૮,૧૫૫ રૂપિયાનો દારૂ આબુરોડથી મહેસાણા લઈ જતા હોવાનું કબુલ્યું હતું. પોલીસે ત્રણેય સામે પ્રોહીબીશન એક્ટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પ્રાંતિજના લીમલા-વડવાસા રોડ ઉપર આવેલ ફાર્મ હાઉસમાં તસ્કરો ત્રાટક્યા





પ્રાંતિજ તા. ૧૯

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના લીમલા-વડવાસા રોડ ઉપર આવેલ ભવાની ફાર્મ હાઉસ માં રાત્રીના સમયે તસ્કરો ત્રાટક્યા અને મકાન મા પ્રવેશ કરી રોકડ રકમ સહિત સોના ચાંદીના દાગીના ની ચોરી કરી પલાયન થતા ફાર્મ હાઉસ માલિક દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમા અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરી. પ્રાંતિજ ના લીમલા-વડવાસા રોડ ઉપર આવેલ ભવાની ફાર્મ હાઉસ મા સોમવાર ની રાત્રીએ કોઈ અજાણ્યા તસ્કરોએ ફાર્મ હાઉસ માં પ્રવેશ કરી ફાર્મ હાઉસ મા ઉપર ના માળે અગાશી માં સુતા પરિવાર ના ઓશીકા નીચેથી મકાન ની ચાલી ગઈ મકાન નો ઉપર ના માળ નો મેન દરવાજો ખોલી અંદર પ્રવેશ કરી મકાન મા આવેલ છેલ્લા રૂમમા રહેલ તિજોરી નુ તાળુ તોડી તિજોરી મા રહેલ સર-સામાન વિરે વિખેર કરી તિજોરી માં રહેલ રોકડ રકમ ૭૫,૦૦૦ ।- તથા તિજોરી મા રહેલ સોના ચાંદી ના દાગીના જેમા ૧૨ તોલા સોનુ અને દોઢ કિલ્લો ચાંદી ની ચોરી કોઈ અજાવ્યા તસ્કરો ચોરી કરી પલાયન થતા ફાર્મ હાઉસ પટેલ નિલેષભાઈ પટેલ દ્વારા આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસ ને કરતા પ્રાંતિજ પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી અને અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ગુનોનોંધી આગળની તપાસ હાથધરી હતી તો પ્રાંતિજ સહિત તાલુકામા હાલતો તસ્કર રાજ છતાંય પ્રાંતિજ પોલીસ જાણે કુંભકર્ણ નિંદ્રા માં હોય તેવુ સ્પષ્ટ પણે જણાઈ આવે છે તો પ્રાંતિજ સહિત તાલુકાના લોકોમા અવરનવર ચોરી ને લઈ ને ભંય જોવા મળી રહ્યો છે અને રાત્રી દરમ્યાન પોલીસ પેટ્રોલિંગ સઘન કરવામા આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે.